# ડીસામાં આવાસ યોજનાનું રાતોરાત નામ બદલાતા વિવાદ

## રાજ્ય સરકાર દ્વારા 'રાજીવ ગાંધી ગૃહ યોજના'નું નામ બદલી 'મુખ્યમંત્રી ગૃહ યોજના' કરતા વિવાદ

ડીસા, તા. ૨૩

બનાસકાંઠાના ડીસામાં એક રાજય સરકાર આયોજિત કાર્યક્રમમાં ભાજપ અને કોગ્રેસ આમને સામને આવતા વિવાદ વકર્યો હતો. કેમકે, વર્ષ ૨૦૧૧થી કેન્દ્રની યુ.પી.એ સરકારે ગરીબોને મફત આવાસ આપવાની 'રાજીવગાંધી આવાસ યોજના 'અમલમાં મૂકી હતી. જે દેશભરમાં અમલી છે તે યોજનામાં ૧૪૫૬થી વધુ આવાસો ડીસામાં બનાવાઈ રહ્યા છે. જેનું આજે રાજય સરકારના પ્રતિનિધિ અને ગુજરાત રાજય વિધાનસભાના નાયબ મુખ્ય દંડક શ્રી આર. સી. પટેલ હસ્તે ખાત મુહુર્ત થયું હતું. જોકે સરકારે રાજીવગાંધી 'ગૃહ યોજના'નું રાતોરાત નામ બદલી 'મુખ્ય મંત્રી ગૃહ યોજના કરતા વિવાદ વકર્યો હતો. જેમાં કોગ્રેસે વિરોધ કરતા અને સુત્રોચાર કરતા પોલીસે ૨૦ જેટલા કોગ્રેસી કાર્યકરોની અટકાયત કરી હતી.

બનાસકાંઠાના ડીસામાં રાજય સરકાર યુપીએ સરકારની ગરીબો માટે અમલમાં મુકાયેલી 'રાજીવગાંધી ગૃહ યોજના 'અંચાઈ કરી સઠવૃતીએ પોતાના નામે કરી ખોટો જશ ખાટવા માંગે છે અને રાતોરાત આ યોજનાનું નામ બદલી 'મુખ્ય મંત્રી ગૃહ યોજના કરી સ્વર્ગસ્થ કોંગ્રેસી નેતાની બાદબાકી કરવા માંગે છે તેવા આક્ષેપો કરી કોગ્રેસના કાર્યકરોએ ધમાલ મચાવી, સુત્રોચાર કર્યા હતા. આમ કોંગ્રેસ કાર્યકરોએ પોતાનો વિરોધ નોધાવતા સરકારનાં પ્રતિનિધિઓ અને ભાજપી આગેવાનો થયેલ અંચાઈ ઝડપાઈ જતા ક્ષોભજનક સ્તીથીમાં મુકાયા હતા.

આ રાજકીય ઘટનાની વિગતો આપતા પાલિકાના પૂર્વ પ્રમુખ અને કોગ્રેસ અગ્રણી વિપુલ શાહે જણાવેલ કે બનાસકાંઠાના વહેપારી મથક ડીસામાં રાજય સરકારે નહેરુનગર ટેકરા વિસ્તારની ઝુપડપટ્ટીમાં રહેતા શ્રમજીવીઓને ધરનું ધર મળી રહે તે આશયથી 'રાજીવગાંધી ગૃહ યોજના તળે અહી ૧૪૫૬ નવીન પાકા મકાનો બાંધી આપવા મંજુરી આપી હતી અને ડીસા નગરપાલિકાને ૫૧ કરોડ યોજનાના ખર્ચ પેટે ચૂકવ્યા હતા. આ મકાનો બાંધવા સરકારે નગરપાલિકા ડીસાને ૨૮,૮૦૦ ચોરસ મીટર જમીન પણ ફાળવી હતી. ગત ૨૩ એપ્રિલ ૨૦૧૫નાં રોજ આ આવાસો બાંધવા વર્ક ઓર્ડર પણ અપાયા હતા,સમગ્ર યોજનામાં ૭૫ ટકા ખર્ચ કેન્દ્ર સરકાર ૧૫ ટકા ખર્ચ રાજય સરકાર અને ૧૦ ટકા ખર્ચ લાભાર્થી ચુકવે તેવી આ યોજના માં જમીન, બાંધકામ સહીતની તમામ પ્રક્રિયામાં 'રાજીવગાંધી ગૃહ યોજના ' નામનો ઉલ્લેખ થયો હતો, જોકે ગઈકાલે ૨૨ મેં ૨૦૧૫ નાં રોજ મોડી સાંજે સરકાર તરફ થી અધિકૃત રીતે જાહેર કરાયેલી આમન્ત્રણ પત્રિકા માં આ યોજનાનું રાતોરાત નામ બદલાયું હતું, અને આ યોજના નું નવું નામ ' મુખ્યમંત્રી ગૃહ યોજના ' અપાયું હતું.હાલ ડીસા પાલિકા માં કોન્ગ્રેસનું શાશન છે. જેથી ભાજપ પાલિકા નાં કોન્ગ્રેસ સ્તાસ્થાન માં રહેતા બદલો લઈ રહ્યું છે.તેવો ખુલાસો જણાવ્યો હતો.

## મોડાસામાં નગરપાલિકાના નવા વોર્ડ સીમાંકનમાં વિસ્તારોના ઉભા ફાડીયા

મોડાસા, તા. ૨૩

મોડાસા નગરપાલિકાની આગામી ચૂંટણી માટે શહેરના વોર્ડનું સીમાંકન જાહેર થતાં જ રાજકિય ગરમાવો આવી ગયો છે. સીમાંકનની જાહેરાતને પગલે કોંગ્રેસે ઉગ્ર વાંધાઓ રજૂ કરવાની તૈયારીઓ હાથ ધરી દીધી છે. અને જો તેમાં ફેરફાર નહીં થાય તો કોર્ટ સુધી લડત આપવાની તૈયારીઓ કરવામાં આવી છે. રાજકિય અગ્રણીઓના મતે વોર્ડ સીમાંકનમાં અનેક વિસ્તારોના ઉભા ફાડીયા કરી દેવામાં આવ્યા છે. ઓક્ટોબર માસમાં પાલિકાની ચૂંટણી યોજાવાની શક્યતાઓ રહેલી છે. ત્યારે અત્યારથી સીમાંકનનો મામલો ગરમાઈ ગયો છે.

રાજયની તમામ નગરપાલિકાઓમાં વોર્ડ દીઠ ત્રણ ઉમેદવારોની જગ્યાએ આ વખતે ચાર ઉમેદવારો ચુંટણી લડશે. ૫૦ ટકા મહિલા અનામત રાખવાનું નક્કિ થતાં નવેસરથી વોર્ડ રચના તૈયાર કરવામાં આવી હતી.

દરમિયાન મોડાસા નગરપાલિકાની નવીન વોર્ડ રચના માટેની દરખાસ્ત તૈયાર કરી રાજય સરકારમાં મોકલી અપાતાં રાજય ચૂંટણી આયોગ દ્વારા વોર્ડોનું સીમાંકન તથા અનામત બેઠકોની ફાળવણી અંગેનો પ્રાથમિક આદેશ જારી કરવામાં આવ્યો છે. જેમાં મોડાસા નગરપાલિકાની કુલ ૬૭૬૪૮ વસતીને ૧૨ને બદલે ૯ વોર્ડમાં વહેંચવામાં આવી છે. આ વખતે ત્રણ વોર્ડનો ઘટાડો કરી વોર્ડમાં ધરખમ ફેરફાર કરવામાં આવ્યા છે.

| વોર્ડ | વસ્તી |
|---|---|
| વોર્ડ નં ૧ | ૭૦૮૨ |
| વોર્ડ નં ૨ | ૬૯૩૫ |
| વોર્ડ નં ૩ | ૭૯૨૬ |
| વોર્ડ નં ૪ | ૭૨૯૦ |
| વોર્ડ નં ૫ | ૭૫૫૨ |
| વોર્ડ નં ૬ | ૭૨૨૯ |
| વોર્ડ નં ૭ | ૭૮૪૦ |
| વોર્ડ નં ૮ | ૭૮૫૯ |
| વોર્ડ નં ૯ | ૭૮૩૫ |

નવીન વોર્ડ સીમાંકન જાહેર થતાં કોંગ્રેસે અત્યારથી જ ઉગ્ર વિરોધ શરૂ કરી દીધો છે. જેમાં કોંગ્રેસના અગ્રણીઓએ જણાવ્યું હતું કે, વોર્ડ સીમાંકનમાં અનેક વિસ્તારના ઉભા ફાડીયા કરી દેવામાં આવ્યા છે. અનેક જગ્યાએ દિશા નિર્દેશનો ભંગ કર્યો હોય તેવું જણાઈ રહ્યું છે. આ અંગે વિરોધપક્ષના નેતા જી.આઈ.ખાલકે જણાવ્યું હતું કે, વોર્ડ નં ૧, ૮, ૯, ૧૦, ૧૧ અને ૧૨માં ધરખમ ફેરફાર કરી વોર્ડમાં ઘટાડો કર્યો છે. જયારે નવીન વોર્ડ રચનામાં વોર્ડ નં૩માં સર્વોદયનગરનો સમાવેશ કરવામાં આવ્યો છે. અને પંડયા વાસ અને મોચી વાસને ૪ નંબરમાં નાખી કોંગ્રેસના મતોનું વિભાજન કરાયું છે. ૧૦ દિવસમાં વાંધા સૂચનો રજૂ કરવાના છે ત્યારે વોર્ડ સીમાંકનનો ઉગ્ર વિરોધ કરવામાં આવશે અને તેમાં સુધારો નહીં થાય તો કોર્ટના પણ દ્વાર ખખડાવવામાં આવશે.

## અરવલ્લીમાં અથાણાની કેરીના ભાવમાં વધારો થતાં અથાણા મોંઘા

મોડાસા, તા. ૨૩

ગુજરાતીઓની ભોજનની ડિશમાં અથાણુ ન હોય તે અશક્ય વાત છે. ગુજરાતી લોકો દેશ-વિદેશમાં ફરવા જાય તો પણ જમવાની ડિશમાં સૌ પ્રથમ અથાણા મળશે કે નહિ તેવું સૌપ્રથમ હોટલવાળાઓને પુછતા જોવા મળતા હોય છે. અથાણા ગુજરાતની ઓળખ બની ગઈ છે. ત્યારે ચાલુ વર્ષે કમોસમી માવઠાના પાડવા માટે ઉતાવળા બની આખા વર્ષે દરમિયાન ઘરના સભ્યો અને પરિવારજનો માટે અથાણા બનાવવાની તડામાર તૈયારીઓ આદરી છે. પરંતુ આ વર્ષે સતત પાંચથી વધુ વાર કમોસમી વરસાદ થતા આંબા પર લાગેલો મોર ખરી પડતા અથાણાની કેરીનો પાક ઓછો ઉતરતા અથાણાની કાચી કેરીના ભાવમાં ચાલુ સાલે ૨૫ થી ૩૦ ટકાનો લીધુ હોય તેમ અથાણાની કેરી ખરીદવા ગૃહીણીઓ ન ફરકતા અથાણાની કેરી વેચતા વેપારીઓ ચિંતામાં ગરકાવ થઈ ગયા છે.

મોડાસા શહેરના મુખ્ય બજારમાં અથાણાની કેરીના વેપારીઓનુ બજાર ભરાય છે ત્યારે અથાણાની કેરી વેચતા યોગેશ વાઘેલાના જણાવ્યા અનુસાર આ વર્ષે દેશમાં મોંઘવારીએ માજા મુકી છે.


(તસવીર : જય અમીન, મોડાસા)

કારણે કેરીનો પાક ઓછો ઉતરતાં અથાણાની કાચી કેરીના ભાવમાં વધારો જોવા મળતાં ગૃહિણીઓએ પોતાના પરિવારને અથાણાથી અળગો રાખવાની નોબત આવી છે.

સમગ્ર ગુજરાત અને અરવલ્લી જિલ્લામાં વૈશાખ મહિના શરૂઆત થતાંની જ સાથે ગૃહીણીઓ અથાણા વધારો જોવા મળી રહ્યો છે. ગત વર્ષે પ્રતિકિલો ૨૦ રૂ. વેચાતી રાજાપુરી અને તોતા કેરીનો ભાવ પ્રતિકિલોએ ૨૫ થી ૩૦ રૂ. રહેતા અરવલ્લી જિલ્લાની ગૃહીણીઓ અથાણાની કેરીની ખરીદી કરવામાં કરકસર કરી રહી છે. જ્યારે અન્ય મહીલાઓ તો અથાણાથી દૂર રહેવાનુ મનમનાવી ત્યારે અથાણાની કેરીના ભાવમાં પણ વધારો જોવા મળતાં અથાણાની કેરી ખરીદવા કોઈ તૈયાર નથી જ્યારે ગતવર્ષે અથાણાની કેરી લેવા મોડાસા શહેરની ગૃહીણીઓ પડાપડી કરતી હતી ત્યારે ચાલુ સાલે ગૃહીણીઓ ન ફરકતાં અથાણાની કેરીમાં ભારે મંદી જોવા મળી રહી છે.

## હિંમતનગરની સર્વોદય નાગરિક બેંકની ચૂંટણી ટળી

હિંમતનગર, તા. ૨૩

હિંમતનગર નાગરિક સહકારી બેંકના ડિરેકટરોની મુદત પૂર્ણ થતાં વહીવટી તંત્ર દ્વારા ચૂંટણીનું જાહેરનામુ પ્રસિધ્ધ કરાયુ હતું. જે અંતર્ગત તા.૨૪ મેના રોજ ચૂંટણી યોજાનાર હતી. પરંતુ બેંકના ત્રણેય વિભાગમાં સર્વ સમંતિ થતા ૧૨ ડિરેકટરોને બિનહરિફ જાહેર કરાયા છે.

આ અંગે બેંકના મેનેજર આઈ. એમ. લાલાના જણાવ્યા અનુસાર સર્વોદય નાગરિક સહકારી બેંકની ૨૪ મેના રોજ યોજાનાર ચૂંટણીની પ્રક્રિયા હાથ ધરાઈ હતી. જેમાં સામાન્ય વિભાગમાં ૧૩ ઉમેદવારીપત્રો ભરાયા હતા. પરંતુ તેમાંથી ૪ ઉમેદવારીપત્રો પરત ખેંચાયા હતા. તેજ પ્રમાણે મહિલા વિભાગમાં સર્વ સમંતિ થતા બંને બેઠક બિનહરિફ બની હતી. આમ સર્વોદય નાગરિક સહકારી બેંકમાં ચૂંટણી ટળતા સભાસદોમાં આનંદની લાગણી પ્રસરી છે.

બિનહરિફ થયેલ ઉમેદવારોની યાદી

- અ.કાદર મીયાંએહમદ વડાલીવાલા
- અ.કાદર અ.રહમાન હસોલિયા
- ગુલામોહિયુદ્દી મીયાંમોહંમદ અકુલી
- ઝાકીરહુસેન અ.રઝઝાક સાબુગર
- મકબૂલએહમદ અ.કાદર પોથીગરા
- મકબૂલહુસેન અ.કાદર ડોઈ
- અ.રઉફ એહમદભાઈ સાબુગર
- અરજજાક અ.રસુલ ઝાંખવાલા
- મો.ઈમરાન સઈદએહમદ અલજીવાલા
- ફિરદૌસજહાં મો.રફીક વકતાપુરીયા
- હફીજાબીબી મો.સાલેહ લાલા
- કાન્તીભાઈ મનુભાઈ ગામેતી

## ધનસુરા પાસે ટ્રકમાં કતલખાને લઈ જવાતા ૨૭ પશુ બચાવાયા

ધનસુરા, તા. ૨૩

ધનસુરા થી દોલપુર જતા ત્રણ રસ્તા પાસેથી મરણતોલ હાલતમાં ૨૭ પશુઓને ભરી કતલખાને લઈ જવાતું હતું. પોલીસે આઈસર ટ્રક બચાવી ઈડર પાંજરાપોળ ખાતે મોકલી આપવામાં આવ્યા હતા. ધનસુરા પોલીસે આરોપી અનવરહુસેન મહંમદહુસેન લહેરી, રહે. પીરકાંઠે, મારીવાડ ફળિયું, ભરૂચ


(તસવીર : જીતેન્દ્ર પટેલ, મોડાસા)

અને બેઆરોપીઓને ઝડપી લીધા હતા.જેમાં ભેસ નંગ ૧ કિંમત રૂપિયા ૨૫૦૦/,પાડા નંગર૧ કિંમત રૂપિયા ૫૨,૫૦૦/ તેમજ પાડી નંગ ૫ કિંમત રૂપિયા ૧૨૫૦/ વગર પાસ પરમીટે આઈસર ટ્રકમાં ભરી કતલખાને લઈ જવાતા હતા. કતલખાને લઈ જવાતા તમામ ઢોરને અને ઈલફાન ફારૂકભાઈ શેખ રહે.સંતોષનગર, બહેરામપુરા, અમદાવાદને ઝડપી લઈ જેલને હવાલે કરી દીધા હતા. અન્ય બે ફરાર આરોપી બફારી મુલતાની, રહે.રાણાસૈયદ, મોડાસા અને આસીફ પઠાણને ઝડપી લેવા પોલીસે ચક્રો ગતિમાન કર્યા હોવાની વિગતો મળી હતી.

## પ્રાંતિજમાં મુખ્યમંત્રી ગૃહ યોજના હેઠળ મકાનો માટે કોમ્પ્યુટર રાઈઝ્ડ ડ્રો યોજાયો

### ૧૦૫ આવાસો માટે ૨૧૬ લાભાર્થીઓમાંથી ૧૦૨ આવાસોની ફાળવણી


(તસવીર : સંજય રાવલ, પ્રાંતિજ)

પ્રાંતિજ, તા. ૨૩

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે મુખ્યમંત્રી ગૃહ યોજના હેઠળ બનાવવામાં આવેલ આવાસોનું મંત્રીઓના હસ્તે કોમ્પ્યુટર રાઈઝ્ડ ડ્રો કરી લાભાર્થીઓને આપવામાં આવ્યા હતા.

પ્રાંતિજ નેશનલ હાઈવે આઠ મોટી બોખ પાસે ૧.૫૦ કરોડના ખર્ચે બનાવવામાં આવેલ ૧૦૫ આવાસોમાંથી ૧૦૨નું તા. ૨૨-૫-૨૦૧૫ને શુક્રવારના રોજ શ્રી દશામા મંદિરના હોલમાં અન્ન અને નાગરિક પુરવઠા મંત્રી છત્રસિંહ મોરીના હસ્તે કોમ્પ્યુટર રાઈડ્ઝડ ડ્રો દ્વારા ૨૧૬ લાભાર્થીઓમાંથી ૧૦૨ લાભાર્થીઓને આવાસોની વહેંચણી કરવામાં આવી હતી. જેમાં દિપ પ્રાગટ્ય બાદ મહેમાનોનું ફળોની ટોપલીઓ દ્વારા સ્વાગત કરવામાં આવ્યું હતું. જ્યારે સાંસદ દિપસિંહ રાઠોડ, જયસિંહ ચૌહાણ, કલેક્ટર પી. સ્વરૂપ, પ્રાંન્ત, નગરપાલિકા પ્રમુખ ગીરીશભાઈ પટેલ, નગરપાલિકા કારોબારી અધ્યક્ષ અરવિંદભાઈ પટેલ, બાંધકામ સમીતીના ચેરમેન નિરવભાઈ પરીખ, ચીફ ઓફિસર સતિષભાઈ પટેલ, આવાસ ઈન્ચાર્જ વ્હોરા તથા નગરપાલિકા સભ્યો તથા ભાજપના કાર્યકરો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. જ્યારે તૈયાર થયેલ આવાસો મોડો મોડે પણ લાભાર્થીઓને મળતા લાભાર્થીઓના ચહેરા ઉપર હર્ષની લાગણી જોવા મળી હતી. જ્યારે ડ્રો બાદ કહી ખુશી કહી ગમ પણ લાભાર્થીઓના ચહેરાઓ ઉપર જોવા મળ્યો હતો.

## જમીનની તકરાર મામલે ડગલા ગામે ચપ્પાથી હુમલો : ૬ વિરુદ્ધ સામસામી ફરિયાદ

હિંમતનગર, તા. ૨૩

વિજયનગર તાલુકાના વસાઈ ગામે ગુરૂવારે સાંજે જમીનની તકરાર મામલે બે પરિવારો વચ્ચે તકરાર થઈ હતી. જેમાં બંને જણાઓએ એકબીજાને ચપ્પુ વડે ઈજા કરી ગડદાપાટુનો માર મારી જાનથી મારી નાખવા અંગે વિજયનગર પોલીસ મથકમાં શુક્રવારે ફરિયાદ નોંધાવતા પોલીસે ૬ જણા વિરૂધ્ધ સામસામે ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે.

વસાઈ ડગલા ગામના વાલજીભાઈ મોઢ પટેલ અને ફુરાજી ખરાડી વચ્ચે ખેતર મામલે વર્ષોથી તકરાર થતી રહી છે. જેમાં ગુરૂવારે વિષ્ણુ ફુરાજી ખરાડીએ વાલજીભાઈ મોઢ પટેલના દિકરા મુકેશ સાથે સાંજે ૭ વાગ્યાના સુમારે ડગલા ત્રણ રસ્તા નજીક ભૂતવાળુ ખેતર અમારુ છે, તમારે ત્યાં જવું આવવું નહિ તેમ કહી ઝઘડો કર્યો હતો અને અપશબ્દો બોલ્યા હતા. જેથી મુકેશે અપશબ્દો બોલવાની વિષ્ણુને ના પાડતા વિષ્ણુએ ઉશ્કેરાઈ જઈ પોતાના હાથમાંનું ચપ્પુ મુકેશને મારી દીધુ હતું. જયારે વિરેન્દ્ર હીરાજી ખરાડી તેમજ તેના પિતા હીરાજી ફુરાજી ખરાડીએ મુકેશ તથા તેના ભાઈ રાજુ મોઢ પટેલને ગડદાપાટુનો માર મારી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.

જે અંગે મુકેશ મોઢ પટેલે વિષ્ણુ ફુરાજી ખરાડી, વિરેન્દ્ર હીરાજી ખરાડી, હીરાજી ફુરાજી ખરાડી વિરૂધ્ધ ફરિયાદ નોંધાવી હતી. આજ ઘટનામાં વિષ્ણુ ફુરાજી ખરાડી ડગલા ત્રણ રસ્તા નજીક પોતાની બાઈક પર જતો હતો. જે સમયે રાજેન્દ્ર વાલજીભાઈ મોઢ પટેલ અને મુકેશ વાલજીભાઈ મોઢ પટેલે વિષ્ણુની બાઈક ઉભી રાખી જમીન બાબતે ઝઘડો કર્યો હતો અને એકદમ ઉશ્કેરાઈ જઈ વિષ્ણુને ચપ્પુ વડે ઘાયલ કર્યો હતો. જેથી વિરેન્દ્ર હિરાલાલ સિસોદીયા છોડાવવા વચ્ચે પડતા મુકેશ વાલજીભાઈ મોઢ પટેલ અને વાલજી ફુરાજી મોઢ પટેલે હીરાજીના ભાઈ વિષ્ણુ અને દિકરા વિરેન્દ્રને ગડદાપાટુનો માર મારી ઘાયલ કર્યા હતા અને જાનથી મારી નાખવાની ધમકી આપતા હીરાજી ફુરાજી સિસોદીયાએ રાજેન્દ્ર, મુકેશ અને વાલજીભાઈ મોઢ પટેલ વિરૂધ્ધ વિજયનગર પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી સામ સામી ફરિયાદમાં ૬ વ્યકિત વિરૂધ્ધ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

## બાલેટાની સગીરાનું અપહરણ કરાતા ચિતરીયાના યુવક વિરુદ્ધ ફરિયાદ

વિજયનગર તાલુકાના બાલેટા ગામની સગીરાને લગ્નની લાલચ આપી લલચાવી ફોસલાવીને ચિતરીયા ગામનો યુવક તાજેતરમાં ભગાડી ગયો હતો. જેની વિરૂધ્ધ સગીરાના પિતાએ વિજયનગર પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. વિજયનગર પોલીસ મથકના સૂત્રોના જણાવ્યા અનુસાર બાલેટા ગામની સગીરાને ચિતરીયા ગામનો જશવંત મગનલાલ નિનામા ગત ૬ટ્ઠી મે ના રોજ ઘરેથી તેણી સાથે લગ્ન કરવાના ઈરાદે લલચાવી ફોસલાવી ભગાડી ગયો હતો. જેમાં સગીરાના પિતાએ તેણીની શોધખોળ કરી હતી, છતાં મળી ન આવતા ચિતરીયાના જશવંત મગનલાલ નિનામા વિરૂધ્ધ ગુરૂવારે ફરિયાદ નોંધાવી હતી. જે અંગે પોલીસે કલમ ૩૬૬, ૩૬૩, ૫૦૧ મુજબ જશવંત નિનામા વિરૂધ્ધ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

## આણંદ - નડિયાદમાં વિદ્યાર્થીઓના કૅરિયર અંગે યોજાશે માર્ગદર્શન મેળો

એચ.એસ.સી.નું પરિણામ જાહેર થતાંની સાથે જ જૂનના પ્રથમ સપ્તાહમાં આણંદસ્થિત શારદા હાઈસ્કૂલ અને નડિયાદ સ્થિત બાસુદીવાલા પબ્લિક હાઈસ્કૂલ ખાતે જેસીઆઈના નેજાહેઠળ યોજાનારા કૅરિયર માર્ગદર્શન મેળામાં વિદ્યાર્થીઓ પોતાનાં પરિણામની નકલ સાથે જાહેર કરાનારા સમયે હાજર રહેવા જણાવાયું છે. કૅરિયર માર્ગદર્શન મેળામાં ચારુતર વિદ્યામંડળની કૉલેજો આર્ટ્સ, સાયન્સ, કોમર્સ, મેનેજમેન્ટ, આર્કિટેક્ચર, લૉ વગેરેના અધ્યાપકો અને પ્રતિનિધિઓ હાજર રહીને વિદ્યાર્થીઓને તેમની ઉજજવળ શૈક્ષણિક કારકીર્દિની તકો વિશે માર્ગદર્શન આપશે.

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...
સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટ્ઝ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી
એક્સક્લુસિવ શો-રૂમ
AGL TILES WORLD Radhe ENTERPRISE
પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે,
કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ટાટા મોટર્સની ઓથોરાઈઝ ડીલર
મોર્ડન મોટર્સ
ગુજરાત સરકાર માન્ય
ISO-9001:2008 COMPANY
સુવિધાઓ...
(૧) કોમ્પ્યુટરાઈઝ્ડ વ્હીલ એલાયમેન્ટ બેલેન્સીંગ
(૨) સર્વિસ ગ્રીસીંગ
(૩) મીકેનીકલ રીપેરીંગ
(૪) ઓટો ઈલેક્ટ્રીકલ કામ
(૫) બોડી-કલર કામ (૬) જેન્યુન સ્પેર પાર્ટ
(૭) ટાટા કંપનીના તમામ વાહનોનું રીપેરીંગ કામ સંતોષકારક કરી આપનાર
ઓથોરાઈઝ્ડ સર્વિસ ડીલર
TATA
ઓથોરાઈઝ્ડ ડીલર
Castrol
EXIDE INDUSTRIES LIMITED
BRIDGESTONE PASSION for EXCELLENCE
JK TYRE
ઓથોરાઈઝ્ડ ડીલર :
બ્રીજસ્ટોન, જે.કે. ટાયર-ટ્યુબ,
એકસાઈડ બેટરી, હીન્દુસ્તાન મોટર્સ લી.
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., સેક્ટર-૨૮,
કામા મોટર્સની બાજુમાં, ગાંધીનગર-૩૮૨ ૦૨૮
ફોન. : (ઓ) ૦૭૯-૨૩૨૧૧૪૮૫, ફેક્સ : (૦૭૯) ૨૩૨૧૨૬૪૦
મો. : ૯૮૨૫૨ ૬૨૨૯૧, ૯૯૦૪૦ ૪૪૭૦૦